Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH




પુસ્તક : ૯૬ ✠ અંક ૫-૬

ફાગણ-ચૈત્ર
માર્ચ-એપ્રીલ : ૯૯

✠ આત્મ સંવત : ૧૦૩ ✠
卐
✠ વીર સંવત : ૨૫૨૫ ✠
卐
✠ વિક્રમ સંવત : ૨૦૫૫ ✠


श्रद्धानमात्मनो, भूयो जन्मनः कर्मणस्तथा ।
दुःखागमे सुचित्तस्य समर्पयति धीरताम् ॥

આત્મા, પુનર્જન્મ અને કર્મ વિષેની શ્રદ્ધા
દુઃખના વખતે સુજ્ઞ માણસને ધૈર્ય સમર્પે છે.

Faith in soul, rebirth and karma bestows
courage and patience on the person
who is goodminded, when distress befalls him.

(કલ્યાણભારતી ચેપ્ટર-૨૩ : ગાથા-૧૫ * પૃષ્ઠ ૪૮૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | ભગવાન મહાવીરનો સંદેશ (કાવ્ય) .... .... | પ્રેષક : મુકેશ સરવૈયા | ૩૩ |
| (૨) | પ્રભુ મહાવીરનો સંદેશ .... .... .... | પૂ. આ. શ્રી યશોવર્મસૂરિ. | ૩૪ |
| (૩) | આજના યુગમાં ભગવાન મહાવીરના સિદ્ધાંતો વધુ આવશ્યક છે.... .... .... .... .... | સંકલન : કુમારપાળ દેસાઈ | ૩૮ |
| (૪) | પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો (હપ્તો ૧૨ મો–ગતાંકથી ચાલુ) | | ૩૯ |
| (૫) | શ્રી જૈન આત્માનંદ સભાના પેટ્રન–આજીવન સભ્યોને આખરી નમ્ર નિવેદન.... | | ૪૨ |
| (૬) | મા–બાપ અને સંતાનો વચ્ચે સ્નેહભાવ | પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી | ૪૩ |
| (૭) | માનવીના વિચિત્ર મનને લાભ ન દેખાય ત્યાં સુધી એને કશો લોભ જાગતો નથી.... .... | લક્ષ્મીચંદભાઇ છ. સંઘવી | ૪૬ |
| (૮) | શ્રી જૈન આત્માનંદ સભાનો પાલીતાણાનો યાદગાર પ્રવાસ | — | ૪૮ |


**આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી**

**શ્રી ભૂપેન્દ્રભાઇ હિંમતલાલ શાહ (સુપરકાસ્ટવાળા) ભાવનગર**

**આ સભાના નવા આજીવન સભ્યશ્રી**

**શ્રી પ્રવિણચંદ્ર ગીરધરલાલ શાહ ભાવનગર**

**શ્રી પ્રતિકકુમાર જયેશકુમાર મહેતા સીકંદ્રાબાદ**

## સત્ય

સત્યથી ધર્મનો જન્મ થાય છે. સ્થાયી સુખનો પાયો સત્ય છે. જે વ્યક્તિ સત્યને સ્વીકારી લે છે, સત્ય પર જેનું જીવન પ્રતિષ્ઠિત થઇ જાય છે તે નર મટીને નારાયણ બની જાય છે.

સત્યમાં ખૂબ પ્રચંડ તાકાત છે. વ્યવહારિક જગતમાં આપણે અસત્યના માધ્યમથી ઘણું ઉપાર્જન કરી લઇએ છીએ પરંતુ તેના ફલસ્વરૂપે આવનારા પરિણામોને–દુઃખોને ન સમજવાં તે આપણું દુર્ભાગ્ય છે. સત્યનું વર્તમાન ભલે કઠોર હોય–ભવિષ્ય ઉજ્જવળ જ હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ





## ભગવાન મહાવીરનો સંદેશ

સમજીએ મહાવીરનો સંદેશ,
છે એમાં અહિંસાનો ઉપદેશ.

આ જગતના જીવ માત્રને, મનથી મિત્રો ગણીએ,
વેરની વાત વિસારી સૌએ, સ્નેહનાં સૂત્રો ભણીએ;
કામ–ક્રોધ–મોહ–માયા તજીએ, કરીએ ક'દિ ના કલેશ.

મમતા મૂકીએ સમતા સાધીએ, જુઠી તજીએ અહમ્તા,
રંગ રાગમાં રમતા–રમતા, રહીએ ના ભવ ભમતા;
સંયમ કેરો સંગમ શોધીએ, રોકીએ રાગ ને દ્વેષ.

છોને લડાઇ ભીષણ જામે, શસ્ત્રોના વાયુ વછુટે,
છોને અવનિના અણુ અણુમાં, અણુ ધડાકા ફૂટે;
સત્યતણો વિજય છે અંતે, અનુસરીએ આદેશ.

હિંસાવૃત્તિ હઠાવી દઇએ, અહિંસાને આચરીએ,
પરમ પ્રેમના પાવનકારી, પવિત્ર વ્રત આદરીએ;
શાંતિ ચાહીએ ને ઉગરીએ, રાખીએ ઉર ઉદ્દેશ.

આવો સૌએ એક અવાજે, ગીતો શાંતિના ગાઇએ,
અહિંસા પરમો ધર્મનો ઝંડો, ગગન મહીં લહેરાવીએ;
મુક્તિના મંગળ માર્ગે પહોંચી, પામીએ પુણ્ય પ્રવેશ.

પ્રેષક :– **મુકેશ સરવૈયા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભુ મહાવીરનો સંદેશ

પૂ. આ. ભ. શ્રી યશોવર્મસૂરિ. મ. સા.

જેમની કઠોર સાધના, સાધનાની દુનિયાનું સીમાચિહ્ન છે.

તે છતાં જેમનો પરિચય આપવો હોય તો...

માત્ર આટલા જ અક્ષરોમાં આપી શકાય કે....

**"જેમના નયનમાંથી**
**અમી અને આશીર્વાદ**
**અવિરત વરસ્યા છે**
**એનું નામ પ્રભુ મહાવીર છે."**

આજે આ પરમાત્મા મહાવીરનું જન્મવાંચન પર્વાધિરાજ પર્યુષણના પાંચમા દિવસે પ્રત્યેક જૈન ધર્મ સ્થાનોમાં થશે અને આ વખતે વર્ષમાં કયારેય ન થઇ હોય એટલી મોટી સંખ્યામાં જૈન ભાઇઓ અને બ્હેનો ભેગા મળી સંપૂર્ણ શ્રદ્ધા અને આતુરતા સાથે પરમાત્માના જન્મ સમયમાં કલ્પસુત્રમાં લખેલા શબ્દો ગુરૂમુખે સાંભળશે.

પણ વિચાર એ આવે છે કે....

પ્રભુના જન્મવાંચનના શબ્દો સાંભળી આનંદથી છલોછલ થઇ જવાનાં શબ્દોથી આગળ પ્રભુનો સંદેશ કેમ ભૂલાય જાય છે?

આજના જન્મવાંચનના દિને શબ્દો જ નહિ થોડા સંદેશા પણ સાંભળીયે.

પ્રભુ વીરે એમના જીવન દરમિયાન ૨૨૦૦૦ દેશના / પ્રવચનો ફરમાવ્યા હતા. એ પ્રત્યેક દેશના, એના પ્રત્યેક વાકયો વિશ્વના સર્વશ્રેષ્ઠ જ્ઞાનભંડાર છે, બોધના ખજાના છે. પણ.... આજે આપણે એમના ફક્ત બે પાંચ સંદેશાને યાદ કરી લઇએ.

પ્રભુ મહાવીર પરમાત્માએ સૌ પ્રથમ સંદેશ ક્ષત્રિયકુંડ નગરની ધર્મસભામાં કે સમવસરણમાં નથી ફરમાવ્યો....

પણ....

પ્રભુ વીરે જીવનનો સૌ પ્રથમ સંદેશ માતા ત્રિશલામાતાની રત્નકુક્ષીમાંથી જગતને અને આપણી જાતને ફરમાવ્યો હતો....

## ✠ પ્રભુજીનો પ્રથમ સંદેશ ✠

માતા-પિતાને દુભાવશો નહીં.... કલ્પસુત્રમાં વર્ણન આવે છે કે પરમાત્મા મહાવીર જ્યારે માતા ત્રિશલાના ગર્ભમાં હતા તે વખતે એમણે વિચાર્યુ'.... હું ગર્ભમાં હલું-ચલું છું તો મારી માતાને તકલીફ થાય છે માટે હું સ્થિર થઇ જાઉં.... ને ત્રણ જ્ઞાનના ધણી સ્થિર બન્યા....

પણ પ્રભુની સ્થિરતાએ માતા ત્રિશલાને સતાવી દીધા....

એમણે ખાવા-પીવાનું બંધ કર્યુ. રાજમહેલના વાજીંત્રો બંધ થઇ ગયા. સર્વત્ર શોક વ્યાપી ગયો. માતા કહે મારો ગર્ભ પડી ગયો. મારો ગર્ભ.... ને માતા ડુસકા મૂકીને રડ્યા.... પ્રભુજીએ અવધિજ્ઞાનથી જોયું.... ઓહ! મેં માતાને તકલીફ ન પડે તે માટે હલવાનું બંધ કર્યુ અને માતા એનાથી દુ:ખી થઇ ગયા....

ને.... પ્રભુએ પોતાની જ્ઞાનદૃષ્ટિથી ભાવિ જોયુ કે....

મારા સંયમગ્રહણથી દુર્ઘટના ઘટી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે જ્યાં સુધી માતા-પિતા જીવતા હોય ત્યાં સુધી ચારિત્ર ન લેવું. પ્રભુ મહાવીરનો આ પ્રથમ સંદેશ છે કે....

## માતા-પિતાને દુભાવશો નહિ...

યુવાન ભાઈ-બહેન !

આપણા હૃદયેશ્વર પરમાત્મા મહાવીર પ્રભુનો સૌ પ્રથમ સંદેશ જીવનમાં અપનાવો....તું બીજી ચર્ચા પછી કરજે. સૌ પ્રથમ માતા-પિતાની આંતરડી કકળાવવાનું બંધ કર. માતા-પિતાને રડાવી તું પ્રભુને સ્મરે, માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં ધકેલી તું પ્રભુનું મંદિર બાંધે....

એમને જમાડવાનું સુઝે નહિ ને ગરીબોના બેલી બનવા જાય, તું મહાવીર પ્રભુનો દ્રોહી છે. ધ્યાન રાખજે.... પ્રભુનો પ્રથમ સંદેશ તારા દિલની દીવાલ પર આજ પર્વે કોતરી દે.... ને જા દોડ.... તારા માતા-પિતાના પગને ચુમી લે બેન.... જા જલ્દી સાસુ-સસરાને વંદી પડ, બાકી યાદ રહે....

ધર્મને જીગરમાં ન બેસાડવો
ને જીભમાં જ રમાડવો
એ ધર્મ સાથેની ફરેબી છે.... ગદ્દારી છે....

## ❖ પ્રભુ મહાવીરનો બીજો સંદેશ ❖
## "શક્તિ પ્રદર્શન ન કરો"

પરમાત્મા વીર જ્યારે થોડાક મોટા થયા ત્યારે રાજા સિદ્ધાર્થ અને માતા ત્રિશલા પરિવાર સાથે એમને ભણવા માટે પાઠશાળામાં લઈ જાય છે. પાઠશાળામાં શિક્ષક એમને ભણાવવાની તૈયારી કરે છે. ત્યાં જ ઇન્દ્ર મહારાજા બ્રાહ્મણરૂપ લઈને પધારે છે ને પંડિતજીને સવાલ પૂછે છે.... પંડિતજી કયાંથી આ ઇન્દ્રના સવાલનો જવાબ આપી શકે? ને ત્યારે.... બાલ પ્રભુજી વીરના મુખેથી એ સવાલોના સમાધાન ઇન્દ્ર મહારાજા મેળવે છે.

ઇન્દ્રદેવ પંડિતજીના પ્રભુની ઓળખાણ આપે છે.

પંડિતજી ગળગળા બની પ્રભુજીની ક્ષમા માંગે છે. પ્રભુજીનો બીજો સંદેશ હતો કે શક્તિ એ દર્શન માટે હોઇ શકે, પ્રદર્શન માટે નહિ જ.

શક્તિ જો સુપારીની આરતી ઉતારે, શક્તિ જો કોઇને દબાવે! કોઇને રડાવે ને કોઇને કોઇનો બાગ વેરાન કરે! તો એ શક્તિ આશીર્વાદ નથી, અભિશ્રાપ છે. યાદ રહે શક્તિ એ સદ્કૃત્યનું ઇનામ છે. એનો દુરુપયોગ કરે એ બેઇમાન છે. પ્રભુજી કહે છે શક્તિનું પ્રદર્શન ના હોય. હાઁ એ દર્શનની ચીજ છે, પ્રદર્શનની નહિ. જો પ્રભુ વીરનો આ બીજો સંદેશો યાદ રાખી લઇએ તો કદાચ જન્મનું વાંચન જીવનનું વર્તન બદલી જ દે.

## ❖ પ્રભુજીનો ત્રીજો સંદેશ ❖

મેરુ પર્વતને જે પ્રભુજીએ અંગુઠો દબાવીને નહિ માત્ર અડાડીને હલાવી દીધો હતો. આવેલા દુષ્ટ દેવને માત્ર મુઠી મૂકીને હરાવી દીધેલો એ પરમાત્મા જ્યારે ચારિત્ર ધર્મનો સ્વીકાર કરી સાડાબાર વર્ષની આકરી સાધના કરી રહ્યા હતા, તે વખતે દેવલોકમાં ઇન્દ્ર મહારાજાએ પ્રભુના અતુલબલની, સત્ત્વની, તપ ને ત્યાગની ભીની ભીની અનુમોદના કરી. એ વખતે સભામાં બેઠેલો સંગમદેવ સહી ન શકયો. એણે કહ્યું: તમે એમના છો માટે બડાઇ કરો છો. હું એમને હમણાં જ ચલાયમાન કરી આવું છું.

ને એ પાછું જોયા વગર પરમાત્મા મહાવીર પાસે આવ્યો ને વિશ્વમાં કયારેય કોઇ પર ન થયા હોય એવા જુલ્મો અને ઉપદ્રવો કર્યા....

પ્રભુના શરીરને કીડીઓ વિકુર્વી ફોલી નાખ્યું. લોહી-લુહાણ કરી નાખ્યાં. ઉંદરડાઓ છોડીને ભયાનક ડાંસ મચ્છર ને વનચરોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકુર્વીને હેરાન કર્યા. છ-છ મહિના પ્રભુજીને પાર વિનાના હેરાન કર્યા. જ્યારે આ સંગમદેવ હારીને થાકીને પાછો વળ્યો એ વખતે પ્રભુજીની આંખોમાં એના માટે કરુણાજળ ઉભરાયા.

પ્રભુ ધારત તો સંગમદેવને એક મિનિટમાં પુરો કરી દેત પણ પ્રભુએ ત્રીજો સંદેશો આપ્યો.

## સામનો નહિ સહન કરો...

આપણે ઊંધા સૂત્રો ગોખ્યા છે. સહન નહિ સામનો કરો. પ્રભુનું આ સૂત્ર આત્મસાત્ કરીએ તો અશાંતિનો દાવાનળ શાંત થવાની શરૂઆત થઇ જાય.

અત્યારે બધે જ સામનાના ગીત છે માટે જ ઘરઘરમાં ક્લેશ અને કંકાસ જામ્યા છે.

કોઇને સહન કરવું નથી. સહન કરવું એ નાનપ છે, સામનો કરવો એ મર્દાનગી છે.

સામનો નહિ હવે સહન કરીએ. પ્રભુનું સૂત્ર આત્મસાત્ કરીએ. આના વગર છૂટકો જ નથી. રામ સહન કરે, સીતા સહન કરે, કૌશલ્યા સહન કરે, લક્ષ્મણ સહન કરે, ભરત સહન કરે, સામનાની તો કલ્પના જ નથી.

ને દુર્યોધન-દ્રૌપદી બે જ પાત્રો મહાભારતના મૂલાધાર બની ગયા.

બે'ય જણાએ સામનાનું ગીત જ ગોખ્યું ને ગાયું. આજે પરિવારના પ્રત્યેક સભ્યો ઘરમાં ભેગા થઇ ગોખો સામનો નહિ, સહન કરો તો....

જીવન વન નહિ, ઉપવન નહિ, નંદનવન બની જશે.

પ્રભુ મહાવીરનો ચોથો સંદેશો હતો નિષ્ફળતાથી કયારેય નિરાશ ન થશો. સાડાબાર વરસની ઘોર સાધના પછી લોકાલોક પ્રકાશી કેવલજ્ઞાનની પ્રાપ્તિ પ્રભુએ જીવનની સૌ પ્રથમ દેશના ઋજવાલિકા નદીના તીરે સમવસરણમાં બેસીને ફરમાવી પણ... અફસોસ જગતાતની પહેલી જ દેશના નિષ્ફળ ગઇ. એમનું પહેલું વ્યાખ્યાન નિષ્ફળ ગયું. કેમ કે કોઇએ દીક્ષા ન લીધી.

## ✠ પ્રભુનો આ ચોથો સંદેશો છે ✠

જીવનમાં આવતી નિષ્ફળતાથી કયારેય હારશો નહિ, ડરશો નહિ, નિષ્ફળતા એ કયારેક સફળતાનો શિલાન્યાસ હોય છે.

સફળતાના શિખરનું આ જન્મવાંચન સાંભળ્યા પછી નિરાશાને આજે જ હાંકી કાઢો. નિરાશ થવું એ તો પ્રભુના જીવનને ભુલવા બરોબર છે. પેલા શાયરે કેટલું સરસ લખેલું છે કે –

**" મુશ્કીલે દિલકે ઇરાદે અજમાતી હૈ
ખ્વાબો કે પડદે નિગાહોસે હટાતી હૈ
હોંસલા મત હાર ગીરકર મુસાફિર
ઠોકર ઇન્સાનકો ચલના શીખાતી હૈ**

## ✠ ભગવાન મહાવીરનો પાંચમો સંદેશો ✠

ભગવાન માટે જેમને સહુથી વધુ ભક્તિરાગ હતો એવા ભગવાનના અન્તેવાસી ગૌતમસ્વામી ગણધર બીમાર પડેલા શ્રી આનંદ શ્રાવકને ત્યાં ધર્મલાભ આપવા પધાર્યા. એ વખતે આનંદ શ્રાવક કહે છે ગુરુવર, મને નરકના આટલા પાથડા સુધીનું અવધિજ્ઞાન થયું છે હું એટલું જોઇ શકું છું. એ વખતે ગૌતમ સ્વામીજી બોલ્યા.

" આનંદ ! આટલું અવધિજ્ઞાન શ્રાવકને ન સંભવે " આનંદ કહે પ્રભુ મને થયું જ છે.

શ્રી ગૌતમસ્વામીજી પ્રભુ પાસે આવ્યા ને કહ્યું પ્રભુ !

આનંદ સાચો કે હું સાચો ? પ્રભુ કહે ગૌતમ ! આનંદ સાચો. ને ગૌતમસ્વામી આનંદ પાસે જઇને ક્ષમા માંગે છે.

પ્રભુ મહાવીરનો પાંચમો સંદેશ છેઃ-

**" પક્ષપાત કરતા નહીં ".**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ગૌતમ સ્વામી એટલે પરમાત્માના સર્વશ્રેષ્ઠ ને સર્વજ્યેષ્ઠ શિષ્ય ને તે છતાં ય પ્રભુએ ગૌતમ ગણધર તરફ કોઇ પક્ષપાત ન દાખવ્યો.

આપણા કુટુંબપ્રેમના તૂટેલા કાચ પ્યાલાઓને એકવાર ભેગા કરી પૂછો કે કેમ એ તૂટ્યા છે.


યાદ રહે....

આપણું પાપ તો આપણને જ નડે છે. પણ આપણો પક્ષપાત તો આખાય કુટુંબનો ભુક્કો બોલાવે છે. જીવનના તમામ ક્ષેત્રોમાંથી જો પક્ષપાત દૂર કરશું તો કદાચ.... આજનું જન્મવાંચન.... જન્મવધાઈ.... એ હંમેશની વધામણી બની જશે.

ઇચ્છીએ આ સંદેશાઓ આપણા જીવનમાં આપણે અપનાવી શકીએ ને પ્રભુને કહીએ.

**પ્રભુ ! તું આખા જગતને**
**સુધારજે પણ...**
**શરૂઆત મારાથી કરજે.**

મુંબઇ સમાચાર દૈનિકના
તા. ૬-૯-૯૭ના અંકમાંથી સાભાર



# ઘરની શોભા સ્ત્રી

જેઓને પોતાના લગ્નજીવનમાં સુલક્ષણી નાર મળી છે એ જ સાચા અર્થમાં સુખી છે એવી પત્નિઓથી પતિનો બોજ હળવો બને છે એક સુંદર વાકય લખાયું છે કે "સાચી અર્ધાંગના એ જ કે જે પોતાના ઘરને વિશ્રામસ્થાન બનાવે".

ઘરને સાચા અર્થમાં વિશ્રામસ્થાન બનાવવું હોય તો સ્ત્રીએ સદ્‌ગુણી બનવું જોઇએ. રાજવૈભવ જેવા ઠાઠમાઠથી ઘરમાં શાંતિ સ્થપાતી નથી. ઘરમાં શાંતિ તો સુશીલ પત્ની જ આપી શકે છે. પોતાના પુરૂષને ઘરની તમામ ચિંતામાંથી મુક્ત કરીને ઓછામાં ઓછા ખર્ચે ઘર ચલાવવું એ સાચી ગૃહિણીનું કર્તવ્ય છે. વધુ આવક હોય તો જ આનંદથી જીવી શકાય એ વાત ભૂલભરેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આજના યુગમાં ભગવાન મહાવીરના સિદ્ધાંતો વધુ આવશ્યક છે



સંકલન : **શ્રી કુમારપાળ દેસાઇ**

## વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેયીનું વક્તવ્ય

દિલ્હી યુનિવર્સિટી કેમ્પસની દક્ષિણે આવેલા ભગવાન મહાવીર સેન્ટર અને મ્યુઝિયમના ઉદ્દઘાટન પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેયીએ કહ્યું કે આજના વિશ્વ પાસે અહિંસાને અપનાવ્યા વિના બીજો કોઇ વિકલ્પ નથી. મૈત્રી સિવાય બીજો માર્ગ નથી અને સહઅસ્તિત્વ અપનાવ્યા વિના માનવજાતનું કોઇ ભવિષ્ય નથી. આથી જ અહિંસા, મૈત્રી અને સહઅસ્તિત્વનાં ભગવાન મહાવીરનાં સિદ્ધાંતો આજના યુગમાં વધુ પ્રસ્તુત અને અનિવાર્ય છે.

વધુમાં વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેયીએ જણાવ્યું કે ઇ. સ. ૨૦૦૧માં આવનારા ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મ કલ્યાણક વર્ષની ભવ્ય ઉજવણી માટે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમિતિની રચના કરશે. ભગવાન મહાવીરનો શાંતિ અને ભાઇચારાનો સંદેશ વિશ્વને આપવા માટે ભારતમાં સર્વ ધર્મોની વર્લ્ડ કોન્ફરન્સ યોજાશે

આ ઉદ્દઘાટન વિધિ પ્રસંગે મહાવીર મેમોરિયલ સમિતિના અધ્યક્ષ શ્રી દીપચંદભાઇ ગાર્ડીએ સહુનું સ્વાગત કર્યું હતું અને સંસ્થાના વિકાસકાર્યમાં સાહુ શાંતિપ્રસાદજી જૈન, શ્રેષ્ઠિવર્ય કસ્તુરભાઇ લાલભાઇ અને સાહુ અશોકકુમાર જૈને કરેલાં યશસ્વી પ્રદાનને ભાવભીની સ્મરણાંજલિ આપી હતી. વિખ્યાત બંધારણવિદ્દ અને જ્યુરિસ્ટ ડૉ. એલ. એમ. સિંઘવીએ ભગવાન મહાવીરના છવીસોમા જન્મ કલ્યાણક વર્ષને " ભગવાન મહાવીર વર્ષ " તરીકે જાહેર કરવા અનુરોધ કર્યો હતો. દિગંબર આચાર્ય શ્રી વિદ્યાનંદજી મહારાજ અને તેરાપંથી આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજી મહારાજે ભગવાન મહાવીરનાં સિદ્ધાંતો સમજાવ્યા હતા.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી બાજપેયીએ ' સમણસુત્તમ ' અને ' તત્વાર્થસૂત્ર ' ( ધેટ વિચ ઇઝ )ના અંગ્રેજી અનુવાદોનું વિમોચન કર્યું હતું. આ પુસ્તકો ભગવાન મહાવીર મેમોરિયલ સમિતિ અને ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના સહયોગથી પ્રકાશિત કરવામાં આવ્યા હતા. ટાઇમ્સ ઓફ ઇન્ડિયા ગ્રુપના એક્ઝિક્યુટિવ ડિરેકટર સાહુ રમેશચંદ્ર જૈને ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કમિટી રચવાની વડાપ્રધાનની જાહેરાતની પ્રશંસા કરી હતી આ પ્રસંગે શ્રેણિકભાઇ કસ્તૂરભાઇ, મનુભાઈ શાહ ( રૂબી મિલ્સ ), રાજકુમાર જૈન, હિંમતલાલ દોશી, માંગીલાલ શેઠીયા, રમેશ જૈન, એસ. પી. જૈન, કિશોર વર્ધન જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદેશથી ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી અને ઓસવાળ સમાજના ચેરમેન શ્રી રતિભાઇ ચંદરીયા, નવનાત વણિક એસોસિએશન યુ.કે.ના પ્રમુખ શ્રી સુભાષ બખાઈ, જૈન એસોસિએશન ઓફ યુ કે ના ભૂતપૂર્વ-સેક્રેટરી જીવન જૈન, ઓસવાળ સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી મહેશ શાહ, વિસા ઓસવાળ સમાજ–નાઈરોબીના પ્રતિનિધિ શ્રી સોમચંદભાઇ શાહ તથા નેપાળથી હુલાસચંદજી ગલેચા ઉપસ્થિત રહ્યા હતા. 卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી

પ. પૂ. આગમમજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૧૨ મો ] [ ગુરુ વાણી ભાગ-૧માંથી સાભાર... ]

ધર્મને યોગ્ય શ્રાવકનો ત્રીજો ગુણ-પ્રકૃતિથી સૌમ્ય. ધર્મ કરનાર વ્યક્તિ પ્રકૃતિથી સૌમ્ય હોવો જોઇએ. શાંત હોય, નિષ્કપટી હોય. જે માણસો ધર્મી કહેવાય છે તેઓ ગમે તેટલો ધર્મ કરતા હોય પરંતુ તેમના સ્વભાવમાં જરાયે સરળતા ન હોય. જરાયે સૌમ્યતા ન હોય. તો તેમને ધર્મી કહેવો શી રીતે? ક્રોધમાં માણસ ખૂબ જ કટુ વચન બોલે છે. આવા માણસને શાસ્ત્રમાં કાંટાળા વૃક્ષની ઉપમા આપી છે. બાવળિયો દેખાવમાં લીલોછમ હોય છે પણ પાસે જઈએ તો કાંટા ભોંકાયા વગર રહે જ નહીં. બીજું એક વાક્ય આવે છે કે अदीठे कल्याणकरा:। એમને નહીં જોવામાં જ કલ્યાણ છે. આવા માણસો ગમે તેટલો ધર્મ કરે પણ એ અશાંતિનું જ કારણ બને છે. ક્રિયાકાંડ એ તો ધર્મનું બાહ્ય સ્વરૂપ છે. જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે તે સાચી વાત પણ જ્ઞાન એટલે શું? અને ક્રિયા એટલે શું? 'ક્રોધ એ ખરાબ છે' આ સમજણ તે જ્ઞાન છે અને તેનો ત્યાગ કરવો તે ક્રિયા છે. શાસ્ત્રમાં કાઉસગ્ગના નવ પ્રકાર કહ્યા છે.

(૧) **ઉભો-ઉભો**-ઉભો થઇને કાઉસગ્ગ કરતો હોય અને એની વિચારધારા પણ ઉંચી હોય.

(૨) **ઉભો-બેઠો**-કાઉસગ્ગ ઉભો ઉભો કરતો હોય પણ વિચારધારા નીચલી કક્ષાની ચાલતી હોય.

(૩) **ઉભો-સૂતો**-કાઉસગ્ગ ઉભો ઉભો કરતો હોય પણ મન પ્રમાદમાં વ્યસ્ત હોય. આર્તધ્યાનમાં ડૂબેલો હોય.

(૪) **બેઠો-ઉભો**-શરીરની શિથીલતાએ કાઉસગ્ગ બેઠાં બેઠાં કરતો હોય પણ વિચારધારા ખૂબ ઉંચી ચાલતી હોય.

(૫) **બેઠો-બેઠો**-કાઉસગ્ગ બેઠાં બેઠાં કરતો હોય અને વિચારધારા પણ નિમ્નકોટીની હોય.

(૬) **બેઠો-સૂતો**-કાઉસગ્ગ બેઠાં બેઠાં કરતો હોય અને પ્રમાદમાં અથવા આર્તધ્યાનમાં ડૂબેલો હોય.

(૭) **સૂતો-ઉભો**-કોઇ માંદગીના કારણે કાઉસગ્ગ સૂતાં સૂતાં કરતો હોય પણ વિચારધારા ખૂબ ઉંચી ચાલતી હોય.

(૮) **સૂતો-બેઠો**-સૂતાં સૂતાં કાઉસગ્ગ કરતો હોય અને મન ભટકતું હોય.

(૯) **સૂતો-સૂતો**-એક તો સૂતાં સૂતાં કરતો હોય અને એમાંય જરાયે ઠેકાણું ન હોય. આ રીતે માણસે સમજીને ધર્મ કરવો જોઇએ. ધર્મ કરનાર માણસ સરળ હોવો જોઇએ.

એક બાઇ કોઇ સંત પાસે ગઇ. સંત મહાત્માને કહ્યું 'ભગવન્! મને શાંતિ થાય એવો મંત્ર આપો'. સંતે તેને એક મંત્ર આપ્યો. 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્ર એણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધો તો ખરો. પણ બાઇ બહુ જ ભોળી-સરળ હતી. તેના પતિનું નામ વાસુદેવ હતું. તેણે વિચાર કર્યો કે મારે પતિનું નામ કેવી રીતે લેવું. પતિનું નામ સ્ત્રી કયારે પણ લેતી નહીં. તેથી તેણે એક રસ્તો શોધી કાઢયો. મંત્રમાં ફેરફાર કર્યો. 'ૐ નમો ભગવતે બાબલાના બાપાય'. કેવી સરળતા છે?

છઠ્ઠ કરીને સાત જાત્રા કરનારો માણસ કેટલું કષ્ટ વેઠે છે? આવો માણસ પાડોશી સાથે મનદુઃખ થાય તો તેના ત્રણ પગથીયા ચડીને તેને ખમાવવા જઇ શકતો નથી. કારણ તેના હાથમાં ધર્મનો આભાસ આવેલો છે. ભગવાનની સાથે જ્યારે સાચું જોડાણ થાય છે ત્યારે હૃદયની ગ્રંથિ (વેરઝેરની) ભેદાઇ જાય છે. જે કાળમાં પ્રતિક્રમણ નહોતું, ચોમાસું નહોતું કે કોઇ પર્વ નહોતાં કે ખમાવવાની કોઇ વિશિષ્ટપર્વ ક્રિયા નહોતી છતાં તે કાળમાં ઘણા પ્રમાણમાં મોક્ષે જતા હતા. જ્યારે આ કાળમાં રોજ સવાર-સાંજનું પ્રતિક્રમણ છે છતાં કોઇ મોક્ષમાં જતા નથી. ઘણો ધર્મ કરવા છતાં ઘણી વાર એવું બને છે કે માણસ ધર્મને કે પરમાત્માને સાચા અર્થમાં પામી શકતો નથી. કારણ માણસે ખાલી ધર્મનો પડછાયો જ પકડેલો છે. તેણે વસ્તુ છોડી દીધી છે. જેમ ધર્મ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ મંગલ છે તેમ સ્વભાવની સૌમ્યતા પણ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

સંત કોને કહેવાય? શાંતિ પમાડે તે સંત કહેવાય. સાધના કરાવે તે સાધુ. આપણે સાધુ-સંત કહીએ છીએ. એટલે સાધના અને શાંતિ બન્નેને આપનાર.

એક મહાત્મા હતા. રાત-દિવસ જગતનું કલ્યાણ કરનારાઓના પણ કેટલાક નિંદકો હોય છે આ મહાત્મા ગામમાંથી પસાર થઇ રહ્યા છે. ત્યાં કોઈક ઓટલા પર બેઠેલો એક માણસ બોલી ઉઠ્યોઃ જો ભામટો નિકળ્યો. જો ઠગારો નીકળી પડ્યો જોને પોતાનો પરિવાર વધરાવા નીકળી પડ્યો છે. સંત મહાત્મા બહુ જ સંતોષી હતા. બહુજ શાંત હતા તેથી તેમણે વિચાર કર્યો કે ભલે તે બોલ્યો મને મારી તો નથી નાખ્યો ને? સંતની કેવી સૌમ્યતા!

માણસને જ્યારે સમ્યક્ત્વ સમજાય અને સમ્યક્ત્વમાં નિરંતર સ્થિરતા-દ્રઢતા આવે તો મોટા ભાગે એનો સાત-આઠ ભવમાં મોક્ષ થાય. શાસ્ત્રમાં વાત આવે છે કે આ જીવે જન્માંતરમાં મેરૂ પર્વત જેટલા ઓઘા ગ્રહણ કર્યા હશે, વ્રત-પચ્ચક્ખાણ કર્યા હશે, પરિસહોને સહન કર્યા હશે. છતાં આ જીવનો મોક્ષ કેમ ન થયો? કારણ દરેક જન્મમાં-જીવનમાં તાત્ત્વિકધર્મની પ્રાપ્તિ થઇ નથી માટે જીવને આ સંસારમાં ભટકવું પડયું છે. માણસને કોઇ દિવસ આવો વિચાર આવે છે ખરો કે મારે મારો સ્વભાવ બદલવા જેવો છે. દરેકને એમ જ લાગે છે મારો તો સ્વભાવ સારો છે, બીજાના સ્વભાવનો જ દોષ છે.... આપણે પશ્ચિમ તરફ જવું હોય તો પશ્ચિમમાં જ ચાલવું પડશે. આપણા માટે કંઇ પશ્ચિમનો રસ્તો પૂર્વમાં નહીં આવી જાય. ગાડું હોય તો તેને પૂર્વમાંથી પશ્ચિમમાં ફેરવી શકાશે. પરંતુ ગામ પશ્ચિમમાં હોય તો તેને પૂર્વમાં નહીં ફેરવાય. તમે સામા માણસને ફેરવવાનો કે એના સ્વભાવને બદલાવવાનો વિચાર ન કરો. પરંતુ તમારા સ્વભાવ તરફ, તમારા જ દોષ તરફ નજર નાખો.

એક માણસે મોટા-મોટા માણસોને જમવાનું આમંત્રણ આપ્યું. પોતે પણ સારો એવો ધનિક હતો. પાટલા ગોઠવાઇ ગયા. બધા જમવા માટે બેસી ગયા છે. દૂધપાક તૈયાર છે. શેઠ રસોઇયાને હુકમ કરે છે કે પેલું દૂધપાકનું તપેલું લાવ. રસોઇયો લેવા માટે જાય છે પરંતુ તપેલું લાવતાં બધો દૂધપાક ભઠ્ઠીમાં ઢોળાઇ જાય છે. શેઠે એકદમ છલાંગ મારી અને જઇને એકદમ રસોઇયાનો હાથ પકડ્યો અને કહ્યું કે ભાઇ તું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાંય દાઝયો નથી ને ! ભલે દૂધપાક ઢોળાઇ ગયો. બધા તો આ સાંભળીને છક્ક થઇ ગયા. બધાને તો એમ હતું કે હમણાં રસોઇયાને બે ચાર લાફા લગાવી દેશે. પરંતુ તેના સ્વભાવમાં સૌમ્યતા હતી તેણે આવીને બધાને કહ્યું કે ભાઇઓ મને માફ કરજો જે બીના બની ગઇ તેનાથી હું દિલગીર છું. હવે બાકીની જે રસોઇ છે તે તમને પીરસી દઉં છું. બધા તો તેની વાહ વાહ બોલવા લાગ્યા કે શેઠજી દૂધપાક તો ઘણીવાર ખાધો છે, પરંતુ આવી સજ્જનતા અને સ્વભાવમાં આવી સૌમ્યતા ક્યાંય જોઇ નથી.

પ્રકૃતિની સૌમ્યતાથી માણસ કેવલજ્ઞાન સુધી પહોંચી જાય છે. બે વિદ્યાર્થીઓ ગુરૂ પાસે ભણતા હતા. તેમાં એક પ્રકૃતિથી સૌમ્ય છે અને બીજો ઉદ્ધત છે. ગુરૂકુળમાં રહેલાં બન્ને જણા ગુરૂની બધી જ સેવા કરતા હતા. વનમાં લાકડા લેવા જાય રસોઇ બનાવે ... વગેરે. એક દિવસ બન્ને જણા વનમાં લાકડા લેવા ગયા છે. પ્રકૃતિથી સૌમ્ય એવો અંગર્ષિ વનમાં દુર લાકડા લેવા જાય છે. પેલો ઉદ્ધત વિદ્યાર્થી રસ્તામાં લાકડાનો ભારો લઇને જતી ડોસીની પાસેથી ભારો પડાવીને ગુરૂમહારાજની પાસે વહેલો પહોંચી જાય છે અને જઇને ગુરૂમહારાજને કહે છે કે અંગર્ષિ તો કોઇ ડોસીને મારીને તેનો ભારો પડાવી લઇને આવી રહ્યો છે. ગુરૂ-મહારાજ સાચું માને છે. તેથી અંગર્ષિ આવતાં જ ગુરૂમહારાજ ગુસ્સામાં તેને ખૂબ ઠપકો આપે છે. ભૂલ હોય અને ઠપકો મળે તો પણ આપણે સહન કરી શકતા નથી.... તો આ તો વગર ભૂલે ઠપકો સાંભળવાનો સમય હતો. તમે હો તો શું કરો ? રાતા-પીળા થઇ જાઓ ને ! પણ આ તો સૌમ્ય પ્રકૃતિવાળો અંગર્ષિ હતો. એણે વિચાર્યું કે મારાથી ગુરૂમહારાજનો શો અવિનય થઇ ગયો હશે અરેરે ! મારા લીધે ગુરૂમહારાજને આર્ત્તધ્યાન થયું ગુસ્સો આવ્યો. આવા શુભ-વિચારોમાં ચડે છે.... એટલે સુધી ચડ્યો કે બધા જ કર્મોનો ભૂક્કો બોલાવી દીધો અને ક્ષણવારમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું જુઓ આ સૌમ્ય પ્રકૃતિ માણસને ક્યાં સુધી લઇ ગઇ.... છેક મોક્ષ સુધી....

જે માણસ હું સાચો છું-હું સારો છું, આની ખરેખરી કરવા જાય છે તે કયારેય ઊંચે આવી શકતો જ નથી. જીવનમાં સાચી શાંતિ મેળવવી હોય તો માન-અપમાનને સરખા ગણો. માનથી ફૂલાય નહીં અને અપમાનથી કરમાય નહીં સોનું-પથ્થરને સરખા ગણે તોજ શાંતિ મળે જેમ ક્રોધ ત્યાજ્ય છે તેમ માન પણ એટલું જ ત્યાજ્ય છે. ક્રોધને કડવા ઝેરની ઉપમા આપી છે

ભગવાનની પાછળ જે ભામંડલ હોય છે તે ક્યાંથી આવે છે, તે જાણો છો ? એ બધા ગુણોનું મંડળ છે.

સમતાની સાધના.... !
સરળતાની સાધના.... !
ક્ષમાની સાધના.... !
જ્ઞાનની સાધના.... !

આ બધી સાધનામાંથી એક ગુણોની આભા ઉભી થાય છે. તેમ સ્વભાવનું પણ એક આભામંડલ ઉભું થાય છે.

માણસ પોતાના દુઃખે દુઃખી હોય એ તો બરાબર છે પરંતુ આજ માણસ પારકાના સુખે દુખી છે. આખા જગતમાં આજ દુર્ગુણ વ્યાપીને રહેલો છે કોઇની ચઢતી ઋદ્ધિ જોઇને ઇર્ષ્યાળુના પેટમાં તેલ રેડાય છે.

એક માણસ ઇંગ્લેન્ડની એક હોસ્પિટલમાં ફરવા માટે નીકળેલો. એ હોસ્પિટલમાં એવી વ્યવસ્થા હતી કે દરેક ખાટલા પર જે દરદી હોય એની બાજુમાં બોર્ડ લગાડેલું કે ક્ષય, ટી. બી. વગેરે એમાં એણે ફરતા-ફરતા જોયું કે એક બોર્ડ પર G.O K એ પ્રમાણે લખેલું.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના પેટ્રન–આજીવન સભ્યશ્રીઓને

## ☒ આખરી નમ્ર નિવેદન ☒

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિકના ગત અંકના પેઈજ નં. ૩૦ ઉપર 'પેટ્રન–આજીવન સભ્યશ્રીઓને નમ્ર નિવેદન' એ હેડીંગ નીચે માહિતી ફોર્મ ભરી મોકલી આપવા બાબત વિગતે નોંધ આપવા છતાં પણ ઘણા સભ્યશ્રીઓએ હજુ સુધી પોતાના માહિતી ફોર્મ ભરી સભાએ પહોંચતા કરેલ નથી. આ બાબતે અગાઉ પણ અનેકવાર માહિતી ફોર્મ ભરી મોકલી આપવા બાબતની જાણ કરવામાં આવી હતી, છતાં પણ સભ્યશ્રીઓ તરફથી યોગ્ય પ્રતિભાવ સાંપડતો નથી.

હવે છેલ્લી તક અનુસાર ૩૧ મે–૧૯૯૯ સુધીમાં જે સભ્યશ્રીઓના માહિતી ફોર્મ અમોને પ્રાપ્ત નહિ થાય તેમને 'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક મોકલવાનું સદંતર બંધ કરવામાં આવશે જેની નમ્ર નોંધ લેવા કૃપા કરશો. વિશેષ વિગતો આ માસિકના ગત અંક નં. ૩–૪ માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી, ૯૯ના અંકમાં આપી છે. એ સૂચના મુજબ માહિતી ફોર્મની વિગત જાણી આ બાબતે ત્વરિત યોગ્ય કરી સહયોગી થવા ફરી–ફરી નમ્ર નિવેદન છે.

શ્રી જૈન આત્માનંદ સભા તંત્રી–**પ્રમોદકાંત ખીમચંદ શાહ**

# ભારતના ૧૦૦ પ્રતિષ્ઠિત નાગરિકોની બુકમાં સ્થાન પામતા કુ. કલ્પના સલોત

ભાવનગર શહેરની જ અત્યંત પ્રતિભાવાન આર્કીટેકટ કલ્પના કે સલોતનો ઇન્ટરનેશનલ પબ્લીશીંગ હાઉસ દ્વારા પ્રકાશિત પુસ્તક "ધ હંડ્રેડ ઓનર્સ બેસ્ટ સીટીઝન્સ ઓફ ઇન્ડીયા" (ભારતના ૧૦૦ પ્રતિષ્ઠિત નાગરિકો)માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે

કલ્પના સલોતના આર્કીટેકચરલ વર્કમાં ધાર્મિક સ્થળોની ડીઝાઇન અગ્રક્રમે રહી છે.

બેચલર ઓફ આર્કીટેકચરની પરિક્ષામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયેલી કલ્પના સલોતને સ્થાનિક જૈન સમુદાયની પ્રથમ મહિલા આર્કીટેકટ તરીકે ઘોષિત કરાઇ છે. તેથી નેશનલ મહિલા એકસેલન્સ એવોર્ડ અને નેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે.

ભારતના ૧૦૦ પ્રતિષ્ઠિત નાગરિકોમાં પસંદગી પામીને તેણીએ તેના પરિવાર, જ્ઞાતિ, ભાવનગર શહેર અને ગુજરાતનું નામ ઉજ્જવળ કર્યું છે.

કુ. કલ્પનાબેન સલોત આપણી સભાના માજી મંત્રી શ્રી કાંતિલાલ આર. સલોત (વનીતા સાડી સેન્ટર)ના પુત્રી છે. સભા તરફથી કુ. કલ્પનાબેન સલોતને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મા–બાપ અને સંતાનો વચ્ચે સ્નેહભાવ



સંકલન : પં. શ્રી ચંદ્રશેખરવિજયજી

માતા પિતાને ઘરમાં રહેલા જીવતા જાગતા ભગવાન કહી શકાય. આપણી સંસ્કૃતિએ માતા, પિતા, આચાર્ય (શિક્ષક) અને અતિથિને 'દેવ' તરીકે સ્વીકાર્યા છે.

માતૃ દેવો ભવ। પિતૃ દેવો ભવ।
આચાર્ય: દેવો ભવ। અતિથિ દેવો ભવ॥

માતા–પિતાનો સંતાનો ઉપર અતિશય ઉપકાર હોય છે. ગર્ભધારણથી આઠ વર્ષની વય સુધી માવડી સંતાનનું શરીર બનાવે છે અને મનનું સંસ્કરણ કરે છે. આઠ વર્ષ બાદના સમયમાં બાપ સંતાનને શિક્ષણ, આજીવિકા વગેરે બાબતોમાં વ્યવસ્થિત કરે છે

ચાણક્ય નીતિમાં પાંચ પિતાઓ બતાવ્યા છે, જનેતા, ઉપનેતા, શિક્ષક, અન્નદાતા, ભયદાતા.

---

જનેતા ચોપનેતા ચ વસ્તુ વિદ્યાં પ્રયચ્છતિ।
અન્નદાતા ભયત્રાતા પઞ્ચૈતે પિતરઃ સ્મૃતાઃ॥

---

જો માતા–પિતા પવિત્ર હોય, અત્યંત સંસ્કારી હોય તો તેમના લોહી-વીર્યમાંથી પેદા થયેલું સંતાન પ્રાયઃ સંસ્કારી હોય.

એમ કહી શકાય કે જીવના પૂર્વભવના સંસ્કારો ૪૦ ટકા, મા–બાપના સંસ્કારો ૪૦ ટકા અને બાહ્ય નિમિત્તોની અસર ૨૦ ટકા આ રીતે જીવન ઘડતરમાં ફાળો હોય છે. તેમાં મા–બાપના ૪૦ ટકાનો ભાગ બહુ અગત્યનો છે. મા–બાપો જો સંસ્કારી હોય તો સંતાનને ૨૦ ટકાના સારા નિમિત્તોમાં જ રાખે, કુસંગાદિ થવા ન દે, આમ થવાથી પૂર્વભવના સારા અને ખરાબ સંસ્કારો જે આત્મામાં જમા થઇને પડ્યા હોય તમાંના સારા સંસ્કારો જ જાગ્રત થાય.

આ ઉપરથી સમજાશે કે સંતાનોના સંસ્કરણનો મા–બાપ ઉપર બધો આધાર છે. આ વસ્તુસ્થિતિ હોવાથી મા–બાપો પોતે ઉચ્ચ કક્ષાનું સંસ્કારિત જીવન જીવતા, જે કૂવામાં હોય તે હવાડામાં આવે એ ન્યાયે તેવા સારા મા–બાપના સંતાનો પણ સારા જ નીકળે

ચાંપરાજવાળા બહારવટિયાની માને ખબર પડી કે તેના પતિ સાથે કરેલી હસાહસીની કામુક ચેષ્ટા તેનો દિકરો (ખૂબ નાનો) જોઇ ગયો છે તો તેનો તે માને ખૂબ આઘાત લાગી ગયો. 'હવે મારા બાળકમાં કેવા ખરાબ સંસ્કારો પડશે ?" એ વિચારમાં તેણે જીભ કચરવાનું શરૂ કર્યું. એજ રાતે મરી ગઇ.

રાણી સ્નાન કરવા ગઇ અને રાણીએ દાસીને આપેલું બાળક રડવા લાગ્યું. દાસીએ તેને ધવડાવતા શાંત થઇ ગયું. રાણીએ તે દ્રશ્ય જોયું. સ્નાન પડતું મુકીને તે દોડી આવી. બાળકને ઊંધું કર્યું, મોંમાં આંગળા નાખીને ઉલ્ટીઓ કરાવી. એ રીતે દાસીનું બધું દુધ પેટમાંથી બહાર કઢાવ્યું. પછી જ તેને શાંતિ થઇ. હલકા દૂધના એ બે ટીપાં ય જો પેટમાં રહી જાય તો સંતાન કુસંસ્કારી પાકે તેવો ખ્યાલ આ દેશની પ્રજામાં હતો.

દીકરો હનુમાન એકલો જઇને લંકાથી સીતાને ન લાવી શક્યો. રામને લંકા જવું પડ્યું તે બદલ માતા અંજનાસુંદરીને ખૂબજ દુઃખ થયું હતું. તે દુઃખ હનુમાનજી પાસે વ્યક્ત કરતા તેના સ્તનમાંથી દૂધની ધાર છૂટી હતી. પાસે પડેલી પથ્થરની શિલા સાથે ધારાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથડાઈ તિરાડ પડી ગઈ એ વખતે અંજનાએ હનુમાનને કહ્યું.

"ઐસા દૂધ મેં તેરેકો પીલાયો,
હનુમાન ! તેં મેરી કુખ લજાયો"

માતા-પિતાની શુદ્ધિ અને મર્દાનગી સંતાનોના જીવન ઉપર અસર કરે છે. તેઓ પવિત્ર હોય તો સંતાનો નિર્વિકારી બને છે.

એકવાર વનવાસ દરમ્યાન રામે લક્ષ્મણને કહ્યું કે, "તું કાયમ લાકડા વગેરે લેવા જાય તે મારા માટે સારું ન કહેવાય. આજે હું જઈશ." ભાભીના કારણે લક્ષ્મણે કુટિરમાં જ રહેવા રામને વિનંતી કરી પણ રામ માન્યા નહિ. ગયા. જ્યારે તે માથે ભારો લઈને પાછા ફર્યા ત્યારે દૂરથી તેમણે જોયું કે લક્ષ્મણના ખોળામાં માથું મુકીને સીતા ઘસઘસાટ ઊંઘી ગઈ છે. રામને આશ્ચર્ય થયું. તરત પોપટનું રૂપ લઈને વૃક્ષ ઉપર બેઠા. પોપટે લક્ષ્મણને પૂછયું, પુષ્પ, ફળ કે યુવાન સ્ત્રીને જોઈને કોનું મન ચલિત ન થાય !"

પુષ્પં દૃષ્ટ્વા, ફલં દૃષ્ટ્વા, દૃષ્ટ્વા યોષિદ્યૌવનં ।
ત્રીણ્યેતાનિ દૃષ્ટ એવાપિ, કસ્ય નો ચલતે મનઃ ॥

લક્ષ્મણે કહ્યું, "જેના મા-બાપ અત્યંત પવિત્ર હોય તે સંતાનોનું મન આવી સ્થિતિમાં પણ ક'દિ ચલિત ન થાય."

પિતા યસ્ય શુચીભૂતઃ । માતા યસ્ય પતિવ્રતા ।
તાભ્યાં જાતસ્ય પુત્રસ્ય । નો ચલતે મનઃકવચિત ॥

લક્ષ્મણની વાત સાંભળીને રામના મનનું સમાધાન થયું. પણ રામના મનમાં વિચાર આવ્યો કે સ્ત્રીને અડીને રહેલા માણસનું મન તો વિકારી થઇ જ જાય ને? કેમ કે પુરુષ એ ઘી છે સ્ત્રી એ આગ છે. બેનો સંયોગ થતાં જ ભડકો થયા વિના રહે નહીં લક્ષ્મણના ખોળામાં સીતા સૂતી છે તો તે બે પવિત્ર શી રીતે હોય?

અગ્નિકુણ્ડસમા નારી ધૃતકુણ્ડસમઃ પુમાન્ ।
તસ્માદગ્નિજ્યૈવ ધૃતજ્યૈવ નૈકત્ર સ્થાપયેદ બુધઃ ॥

લક્ષ્મણે તેનો જવાબ આપ્યો કે, "એ વાત સાચી છે કે વનના મહોન્મત હાથીની જેમ મન ચારે તરફ દોડધામ કરે છે, પરંતુ જો જ્ઞાનદશામાં જીવ આવી જાય તો તેનું મન ચલિત થતું નથી.

મનો ધાવતિ સર્વત્ર મહોન્મત્તગજેન્દ્રવત્ ।
જ્ઞાનયોગે સમુત્પને નો મનશ્ચલતે કવચિત્ ॥

માતાપિતામાં માતાનું પ્રદાન અતિ વધુ છે. સંતાનને તન, મનથી નિરોગી અને નિર્મળ કરવામાં તેનો ભોગ અકલ્પનીય છે. આથી જ પ્રાતઃકાલે પ્રણામ કરવાની વાતમાં પ્રથમ માને પ્રણામ કરવાનું નીતિશાસ્ત્રમાં જણાવાયું છે. કહ્યું છે કે:

- ઘોડે ચડતો બાપ મરજો
  પણ દળણાં દળતી મા ન મરજો
- જનનીની જોડ સખી નહિ જડે રે લોલ....
- મા તે મા, બીજા વનવગડાના વા
- જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી ॥

જે સંતાનો મા-બાપને ત્રાસ આપે છે તેમને હું કપૂત કહું છું. આવા કેટલાકો તો મરી ગયેલા મા-બાપના ફોટાને મરણતિથિએ હાર પહેરાવે છે. અથવા અખબારોમાં શ્રદ્ધાંજલિ આપે છે. આ નર્યો દંભ છે. આનો કોઇ અર્થ નથી.

જીવતાં દીધો સંતાપ, સેવા ન કીધી માબાપની;
મૂઆ પછી પ્રતિમાતણું, પૂજન કર્યાથી શું થયુ?

ઔરંગઝેબનો બાપ શાહજહાં. પોતે કબજે કરેલું દિલ્હીનું તખ્ત શાહજહાં આંચકી ન લે તે માટે તેને જેલમાં પૂરી દીધો. જેલમાંથી ભાગી ન છૂટે તે માટે તોતિંગ દીવાલો ઊભી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી. તેની ચારે બાજુથી પાણી ભરેલી ખાઇ બનાવી. ઔરંગઝેબને હજી શંકા હતી કે બાપ એ કિલ્લો કૂદીને ખાઇ વટાવીને ભાગી જશે. આથી ફરતી બીજી ખાઇ બનાવી, જેમાં ચાર અર્ધભૂખ્યા રખાતા સિંહો છોડી મૂકયા, જે બાપને ફાડી નાંખીને જ જંપે.

આ બાપને જેલમાં શકોરું આપવામાં આવ્યું હતું જેનો ઉપયોગ પ્રવાહી પીવામાં તથા સંડાસ જવામાં કરવાનો હતો. કમનસીબે તે શકોરું ફુટી ગયું. તે વખતે તેણે બીજું માંગ્યું. દીકરાએ બાપને જણાવ્યું કે, “ તમારા બે હાથ ભાંગી ગયા તો નથી ને ? તે બે હાથ ભેગા કરીને કામ ચલાવો, નવું શકોરું નહિ મળે. ”

કોણિકની યાદ કરાવે તેવો ઔરંગઝેબ ! કેવો ભયાનક પિતૃહત્યારો ! તેણે શાહજહાંને સાત વર્ષ સુધી જેલમાં રાખીને રિબાવ્યાં હતાં. બાપને જે કૂવાનું પાણી અતિ મીઠું હોવાથી ખૂબ પ્રિય હતું તે સદંતર બંધ કરાવી દીધું હતું.

હાય ! બાપાઓના અને ભાઇઓના ખુની મોગલો ! તે લોકો દીકરીઓને આજીવન પરણાવતા નહિ....જમાઇ તેમનું તખ્ત આંચકી લેવાના ભયથી.

સુરેન્દ્રનગરમાં બે જુવાનજોધ દીકરાઓ તેમના એંસી વર્ષના બાપને સવારે મારતા. બાપ ચીસો પાડતા. તપાસ કરતાં ખબર પડી કે બાપની પાસે દસેક લાખ રૂપિયાની મૂડી હતી. છોકરાઓ તે માંગતા હતા. બાપ કહેતો કે, “ આ દઉં એટલે હું સડક ઉપર, બે ટંકનું ભોજન પણ ગુમાવી બેસું. ”

એક દીકરાએ તો કમાતા બાપને ધંધો કરવા કહ્યું. ધંધો કરીને પોતે ખૂબ કમાય અને ઘર ચલાવે તેવી તેની મહત્ત્વાકાંક્ષા હતી. બાપે ના પાડતાં એક વખતે દસ મીટર કાપડ લાવ્યો. ભગવા રંગે રંગાવીને લાવ્યો. બાપને કહ્યું “ તમે સંન્યાસ સ્વીકારી લો. આ દસ મીટર કાપડ છે. તેની બે જોડ થશે. વારાફરતી કામ આવશે. ” દીકરાએ છાતીમાં સીધી ગોળી મારી હતી. બાપાને ખૂબ આઘાત લાગ્યો છતાં દીકરાને પાઠ ભણાવવા માટે તેણે કહ્યું. “ બેટા ! ભલે સંન્યાસ લઇશ પણ પાંચ મીટર કાપડ મારે બસ થઇ પડશે. બીજું પાંચ મીટર તારી પાસે રાખ, જ્યારે તું તારા યુવાન દીકરાઓનો ભોગ બનીશ ત્યારે તારો દીકરો પણ તારી હાલત મારા જેવી તેં કરી છે તેવી કરશે. તે વખતે તે કાપડ પણ નહિ આપે. પહેર્યે કપડે ધક્કા મારીને સંન્યાસ લેવાની ફરજ પાડશે. એ વખતે આ પાંચ મીટર ભગવું વસ્ત્ર તારા કામમાં આવશે.

શું બોલે; બિચારો દીકરો !

( ‘ મુક્તિદૂત ’માંથી સાભાર )

## માનવની મોટાઇ....

માનવની મોટાઇનો આધાર એણે પ્રાપ્ત કરેલું પદ કે ધન નથી,
એણે વિકસાવેલા ઉત્તમ ગુણો અને જીવનદૃષ્ટિ છે.
આદર્શ અને ઉન્નત જીવન દૃષ્ટિદ્વારા એનું જીવન વિશુદ્ધ, સાદગીભર્યું
અને જાગૃત હોય છે ગેરવર્તન તરફનો ઉપેક્ષાભાવ એ જ તેની
આંતરિક સમૃદ્ધિની યશપતાકા હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનવીના વિચિત્ર મનને લાભ ન દેખાય ત્યાં સુધી એને કશો લોભ જાગતો નથી

શબ્દનું મૂલ્ય એના અર્થ વડે થાય છે.

માનવીનું મૂલ્ય એના જ્ઞાન અને ચારિત્ર્યથી થાય છે.

સંતની વાણીનો પ્રત્યેક શબ્દ તેના શીલ અને પરિશિલનના અર્ક સમાન હોય છે.

ચીન દેશમાં એવા એક સંત થઈ ગયા. તેમનું નામ હતું કોન્ફ્યુશિયસ. એમની જ્ઞાન-પરબમાંથી જગતને શાશ્વત આચમન મળ્યું.

સંત કન્ફ્યુશિયસ વૃદ્ધ થયા ત્યારે વિશ્વના દેશોમાં ધર્મનો પ્રચાર કરવા માટે પોતાના શિષ્યોને મોકલવાનું શરૂ કર્યું. એક વખત એમના પાંચ શિષ્યો ધર્મપ્રચાર માટે વિદેશ જઈ રહ્યા હતા ત્યારે, એમની પાસે આશીર્વાદ લેવા આવ્યા. પાંચ શિષ્યો પૈકી પટ્ટશિષ્યે કહ્યું :

'ગુરુજી ! આપની આજ્ઞાથી અમે વિદેશ જઈ રહ્યા છીએ. આપ અમને કોઈ એવું માર્ગદર્શન આપો કે જેથી અમને કોઈ મુશ્કેલી ના પડે !'

સંત કોન્ફ્યુશિયસ બોલ્યા, 'વત્સ ! માનવીના મુખમાં જીભ રહે છે એ રીતે જગતમાં જીવવું.'

'એટલે ?'

'બત્રીસ દાંતની વચ્ચે એક જીભ મૂકીને પ્રકૃતિએ માનવીને જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું છે.'

'ગુરુજી, પ્રકૃતિના માર્ગદર્શનનો મર્મ અમને સમજાવો'

'સાંભળો વત્સ ! સંતને દેશ-દેશના ભેદ નથી હોતા. માનવી-માનવી વચ્ચે તફાવત નથી હોતો. સમાજ-સમાજ વચ્ચે કશું અંતર નથી હોતું. સમગ્ર સૃષ્ટિને એ પોતાનો પરિવાર જ નહિ, આત્મવત્ સર્વભૂતેષુ સમજે છે. કોણ પારકું ને વળી કોણ પોતાનું ? કિન્તુ જગતમાં વસતા સઘળા લોકો સમાન નથી હોતા. કેટલાક લોકો કઠોર પણ હોય છે. સાચો સંત જગતની એ કઠોરતા સામે પણ કરુણા જ વહાવે ! જેવી રીતે બત્રીસ દાંતની વચ્ચે જીભ રહે છે, એ જ રીતે કઠોર સમાજમાં સાચો સંત રહે છે !'

શિષ્યોને ગુરુની વાત સમજાઈ. ક્ષમા અને કરુણાની સૌરભથી પોતાના વર્તનને સુરભિત કરવાની તેમણે પ્રતિજ્ઞા કરી.

ત્યાં જ સંત કોન્ફ્યુશિયસે વળી પાછો પ્રશ્ન કર્યો :

'વત્સ ! જન્મ પછી બાળકના મુખમાં પહેલું શું આવે છે ? દાંત કે જીભ ?'

'ગુરુજી ! જીભ તો જન્મની સાથે જ મળે છે. દાંત એને પાછળથી મળે છે !'

'હવે એ કહો કે માનવીના આયુષ્ય દરમ્યાન એના મુખમાંથી પહેલી વિદાય કોણ લે છે, એના દાંત કે એની જીભ ?' ગુરુએ પૂછ્યું.

'જીભ તો માનવીના અંતિમ શ્વાસ સુધી તેના મુખમાં રહે છે. કિન્તુ એના દાંત ક્યારેક વહેલા વિદાય લે છે અને અંત સમયે માનવીનું મોં કોઈવાર સાવ બોખું પણ હોય છે !'

સંત કોન્ફ્યુશિયસે શિષ્યોની આંખોમાં છલોછલ જિજ્ઞાસા જોઈને પૂછ્યું.

'ગુરુજી ! દાંત કઠોર છે અને જીભ નરમ હોય છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'જીભ ક'દિ દાંતને નુકસાન પહોંચાડે ખરી ?'

'નહિ ગુરુજી! ઊલટાનું ક્યારેક દાંત જીભને કચરી નાખે છે. પણ જીભ તો દાંતને કદિય કશી હાનિ કરતી નથી!' શિષ્યે કહ્યું.

'તો વત્સ! હવે મારી વાત વિસ્તારથી સમજાવું' જગતમાં જે લોકો દાંત જેવા કઠોર બને છે તેઓ કમોતે મરે છે. લોકો તેમને યાદ પણ કરતા નથી! પરંતુ જે લોકો કઠોર સમાજની વચ્ચે ય જીભની જેમ કોમળ બનીને જીવે છે, તે સૌ અમર બની જાય છે. વળી જીભ નરમ છે તેથી તેને સામર્થ્યહીન સમજવાની નથી. જીભ ધારે તો આડી ફાટીને બત્રીસે દાંત માટે જોખમ ઊભું કરી શકે છે. જીભના સંયમમાં જ બત્રીસે દાંતની સલામતી છે, તેમ સંતોના સંયમમાં જ સમાજનું શ્રેય છે.'

શિષ્યો એકાગ્ર બનીને ગુરુમુખેથી વહેતી જ્ઞાનગંગાનું આચમન કરી રહ્યા હતા.

'વત્સ! જીભ ઉપકાર કરવાનું સામર્થ્ય ધરાવે છે. કોઈ વખત દાંતના પોલાણમાં કોઈ ખાદ્ય પદાર્થ ભરાઈ જાય તો નરમ જીભ ત્યાં પહોંચીને દાંતને ચોખ્ખા થવામાં મદદ કરે છે. દાંત ભલે કોઈ વાર જીભને કચરે પણ જીભ ઉપકાર કરવાની તકને સદ્‌ભાગ્ય સમજીને, કશાય દ્વેષભાવ વગર દાંત પાસે પહોંચી જાય છે. આપણે જીભ જેવા થવાનું છે.... દાંત જેવા નહીં...!'

ત્યાં તો એક બટકબોલો શિષ્ય ઊભો થઈને બોલ્યો, 'ગુરુજી! આપની વાત સાંભળવી ગમે તેવી છે. પરંતુ મને એ નથી સમજાતું કે જીભ જેવા કોમળ કે નરમ થઈને કષ્ટ સહન કરવાથી વળી શો લાભ થાય?'

ગુરુ બોલ્યા, 'વત્સ! માનવીનું મન વિચિત્ર છે હો! એને લાભ ન દેખાય ત્યાં સુધી તૃપ્તિ ના થાય! લાભ જુએ તો જ લોભ જાગે છે! પછી ભલે વાત ધંધાની હોય કે ધર્મની! તો હવે સંભાળ! મુખમાં કોઈ પણ સ્વાદિષ્ટ ખાદ્ય પદાર્થ મૂકવામાં આવે છે ત્યારે એના સ્વાદની અનુભૂતિ દાંતને થાય છે કે જીભને?

'જીભને....! દાંત તો માત્ર ચાવી શકે છે. સ્વાદ માણવાનું સદ્‌ભાગ્ય દાંતને નથી મળતું!' શિષ્ય બોલ્યો.

'તો વત્સ, કોમળતા અને કરુણાભર્યું વર્તન કરનારને જ ધર્મનો અને જીવનનો આસ્વાદ માણવાનું રૂડું સદ્‌ભાગ્ય મળે છે! સદ્‌ભાગ્ય અને દુર્ભાગ્ય માનવીના હાથમાં છે.' ગુરુએ વાત પૂરી કરતાં કહ્યું.

[ લેખક શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર ]

## અતૃપ્તિ એટલે આપત્તિ

આજે આપણે "સુખની ચાવી પૈસો" એમ માનીને એની પાછળ દોડ્યા જ કરીએ છીએ.... આપણી જીંદગી જાણે કે પૈસો કમાવા અને વધુ ને વધુ ભેગો કરવા માટે જ ન હોય! આપણી લઘુતમ ભૌતિક જરૂરિયાતો સંતોષવા માટે તેની ચોક્કસ અનિવાર્યતા છે પણ એથીયે વધુ મેળવવા માટેનો લોભ સરવાળે આપત્તિનું જ કારણ બને છે. સંતોષનો સદ્‌ગુણ નહિ વિકસાવીએ તો સાચા સુખથી આપણે વંચિત જ રહીશું....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભાનો
# પાલીતાણાનો યાદગાર યાત્રાપ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૫૫ના ચૈત્ર શુદ ૪ ને રવિવાર તા. ૨૧–૩–૯૯ના રોજ પાલીતાણાનો યાત્રાપ્રવાસ યોજવામાં આવ્યો હતો.

આ યાત્રાપ્રવાસ મહા તથા ચૈત્ર માસનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો.

શેઠ નરશી નાથા જૈન ધર્મશાળા–પાલીતાણા ખાતે નવકારશી તથા ભોજનની સઘળી વ્યવસ્થા કરવામાં આવી હતી. પૂ. શ્રી સાધુ-સાધ્વીજી ભગવંતોની ગુરુભક્તિ કરવામાં આવી હતી જેનો અદ્વિતીય લાભ મળ્યો હતો. કેસરિયાજી નગરમાં રૂબરૂ જઇ ગુરુભક્તિનો અમૂલ્ય લ્હાવો લેવામાં આવ્યો હતો.

આ યાત્રાપ્રવાસમાં કારોબારીના સભ્યશ્રીઓ તથા સભાના સભ્યશ્રી ભાઈ–બ્હેનોએ જોડાઈ યાત્રાપ્રવાસનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.

### મહા તથા ચૈત્ર માસની યાત્રાપ્રવાસના દાતાશ્રીઓ

| | | |
|---|---|---|
| (૧) | શ્રી સાકરચંદ મોતીચંદભાઇ શાહ | મુંબઈ |
| (૨) | શ્રી કાંતિલાલ રતિલાલ સલોત | ભાવનગર |
| (૩) | શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત | ભાવનગર |
| (૪) | શ્રી ખીમચંદભાઇ પરશોત્તમદાસ શાહ | ભાવનગર |
| (૫) | શ્રી વનમાળીદાસ ગોરધનભાઇ શાહ | મુંબઈ |
| (૬) | શ્રી કપૂરચંદ હરીચંદ શાહ (માચીસવાળા) | ભાવનગર |
| (૭) | શ્રી હઠીચંદ ઝવેરભાઇ શાહ | ભાવનગર |
| (૮) | શ્રી વૃજલાલ ભીખાલાલ શાહ (દલાલ) | ભાવનગર |
| (૯) | શ્રી નાનચંદ તારાચંદ શાહ | મુંબઈ |
| (૧૦) | શ્રી બાબુલાલ પરમાણંદદાસ શાહ | ભાવનગર |

## પ રિ શ્ર મ

પરિશ્રમ એટલે પ્રતિભાને વિકસાવનાર પારસમણિ.... પ્રતિભાના વિકાસમાં પરિશ્રમ અનિવાર્ય છે. પરિશ્રમથી દરેક કાર્યો સિદ્ધ થાય છે પ્રારબ્ધ ઉપર આધાર રાખી બેસી રહેનારને સફળતાનું શિખર પ્રાપ્ત થતું નથી....

પરિશ્રમ એટલે માત્ર શારીરિક મહેનત જ નહિ, પરંતુ આત્મવિશ્વાસ સાથે એને વળગી રહી પરિણામ મેળવવાની તાલાવેલી....

કહેવત છે કે "સિદ્ધી તેને વરે જે પરસેવે ન્હાય". સિદ્ધીના શિખરો સર કરવા માટે પરિશ્રમના પગથિયા અનિવાર્ય છે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરની ગત તા. ૭–૩–૯૯ ને રવિવારના રોજ નવી વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી યોજવામાં આવી હતી, જેમાં નીચે મુજબના હોદ્દેદારો તથા કારોબારીના સભ્યશ્રીઓ સર્વાનુમતે ચૂંટાયેલા જાહેર થયા હતા.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ | પ્રમુખશ્રી |
| ૨ | શ્રી દિવ્યકાંત મોહનલાલ સલોત | ઉપપ્રમુખશ્રી |
| ૩ | શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | મંત્રીશ્રી |
| ૪ | શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ | મંત્રીશ્રી |
| ૫ | શ્રી ભાસ્કરરાય વૃજલાલ વકીલ | મંત્રીશ્રી |
| ૬ | શ્રી હસમુખભાઇ જે. શાહ | ખજાનચી |
| ૭ | શ્રી કાંતિલાલ રતિલાલ સલોત | સભ્યશ્રી |
| ૮ | શ્રી પ્રવિણચંદ્ર જગજીવનદાસ સંઘવી | સભ્યશ્રી |
| ૯ | શ્રી ચીમનલાલ ખીમચંદ શેઠ | સભ્યશ્રી |
| ૧૦ | શ્રી ખાંતિલાલ મુળચંદ શાહ | સભ્યશ્રી |
| ૧૧ | શ્રી નટવરલાલ પ્રભુદાસ શાહ | સભ્યશ્રી |
| ૧૨ | શ્રી જસવંતરાય ચીમનલાલ ગાંધી | સભ્યશ્રી |
| ૧૩ | શ્રી અરવિંદભાઇ અંદુલાલ બુટાણી | સભ્યશ્રી |
| ૧૪ | શ્રી રસેશકુમાર મહાસુખરાય શાહ | સભ્યશ્રી |
| ૧૫ | શ્રી પ્રતાપરાય અનોપચંદ મહેતા | સભ્યશ્રી |
| ૧૬ | શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ | સભ્યશ્રી |
| ૧૭ | શ્રી હર્ષદરાય અમૃતલાલ સલોત | સભ્યશ્રી |

For Private And Personal Use Only

Shree Atmanand Prakash □ માર્ચ-એપ્રીલ-૯૯ □ Regd. No. GBV. 31



## સંપ એટલે જંપ

निर्बला अपि संयुक्ता,
भवन्ति सफलोद्यमाः ।
विशृङ्खलास्तु योद्धारः,
पतन्ति बलिनोऽपि हि ॥

卐

⊠ નિર્બલ પ્રજા પણ સંયુક્ત બળવાળી હોય તો પોતાના ઉદ્યમમાં સફળતા મેળવે છે, જ્યારે બલવાન્ યોદ્ધાઓ પણ કુસંપને લીધે પરાભવ પામે છે અને પડે છે.

卐

⊠ Even efforts of a weak nation, if united, are crowned with success, while great warriors, if disunited, suffer defeat and fall.

પ્રતિ

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર